# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVIII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2026 JUNE | NO: 04


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો

**યશાયા ૫૪: ૧૩ થી ૧૭**

૧૩. તારાં સર્વ સંતાન યહોવાનાં શિષ્ય થશે; અને તારાં છોકરાંને ઘણી શાંતિ મળશે.

૧૪. તું ન્યાયીપણામાં સ્થાપિત થઈશ; ત્રાસથી દૂર રહે, તને કંઈ ભય લાગશે નહિ; ધાકથી દૂર રહે, તે તારી પાસે આવશે નહિ.

૧૫. જુઓ, તેઓ એકઠા થાય છે ખરા, પણ મારાથી નહિ; જેઓ તારી સામા એકઠા થશે તેઓ તારે લીધે વિનાશ પામશે.

૧૬. લુહાર કોયલાનો અગ્નિ ફૂંકે છે, અને પોતાના કામને સારુ ઓજાર ઘડે છે, તેને મેં ઉત્પન્ન કર્યો છે; તેમ વિનાશકને વિનાશ કરવા સારુ મેં ઉત્પન્ન કર્યો છે.

૧૭. તારી વિરુદ્ધ વાપરવા સારુ ઘડેલું કોઈ પણ હથિયાર સાર્થક થશે નહિ; ન્યાયસભામાં જે કોઈ જીભ તારી વિરુદ્ધ બોલશે, તેને તું દોષિત ઠરાવીશ એ યહોવાના સેવકોનો વારસો છે, તેમનું ન્યાયીપણું મારાથી છે, એમ યહોવા કહે છે.

## ઈશ્વર અન્ય લોકોને તમારું ભૂંડું કરવા દેશે નહિ!

## GOD WILL NOT ALLOW OTHERS TO HARM YOU!


- બહેન એન્જલ




દુનિયાભરમાંના સર્વ ભાઈઓ તથા બહેનોને આપણા તારનાર તથા પ્રભુ, ઈસુ ખ્રિસ્તના નામમાં શુભેચ્છાઓ!

આપણા ઈકો ઓફ હીજ કોલ સામયિક દ્વારા ફરી એકવાર તમારી સાથે જોડાવામાં મને અપાર આનંદ મળે છે. શાંતિ તથા દિલાસાના ઈશ્વર આપણ દરેકને દોરવણી અને માર્ગદર્શન આપતા રહો!

તાજેતરમાં, હું યાકૂબના જીવન વિશે વાંચી રહી હતી, અને હું આ કલમથી ઘણી જ પ્રભાવિત થઈ હતી:

**"...પણ તમારા બાપે મને ઠગ્યો છે, ને મારું વેતન દશ વાર તેણે બદલી નાખ્યું છે;**

**પણ ઈશ્વરે તેને મારું ભૂંડું કરવા ન દીધું."** - ઉત્પત્તિ ૩૧:૭.



ઈશ્વરે તેને મારું ભૂંડું કરવા ન દીધું

કેટલી સામર્થ્યવાન વચનની ખાતરી! ફક્ત આ વચનો પર વિચાર કરો - ઈશ્વરે કોઈ માણસને મારું ભૂંડું કરવાની કે મને નુકસાન પહોંચાડવાની મંજૂરી આપી નથી, અથવા શેતાનને મારા અથવા મારા કુટુંબ સામે સફળ થવા દીધો નથી - જે આવો દિલાસો લાવે છે. હું પ્રાર્થના કરું છું કે તમે પણ તમારા માટે આ વચનની ખાતરી માટે દાવો કરશો.


(અનુસંધાન પાન ૩ પર)



## ઈકો ઓફ હીજ કોલ



ક્રિશ્ચિયન યૂટ્યુબ ચેનલ!

દરરોજ બે મિનિટનો સંદેશો

પાળક એસ. સામ સેલ્વ રાજ દ્વારા!

અંગ્રેજી, હિન્દી ભાષામાં - સવારે ૧.૦૦ વાગે,
તામિલ અને તેલુગુ ભાષામાં - સવારે ૨.૦૦ વાગે

અને

તામિલ અને અંગ્રેજી સંદેશો અને પ્રાર્થના

રવિવારે સવારે ૮.૩૦ વાગે અને સાંજે ૬.૦૦ વાગે

કૃપા કરીને સબ્સ્ક્રાઈબ કરશો અને અન્યોની સાથે વહેંચશો

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969

## *from your dearly beloved brother...*





**"એમ કરવાથી તારી વખારો ભરપૂર થશે, અને તારા દ્રાક્ષાકુંડો નવા દ્રાક્ષારસથી ઊભરાઈ જશે."** – નીતિવચનો ૩:૧૦

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

HON. EDITOR-IN-CHIEF
Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org
YOUTUBE CHANNEL
Echo of His Call

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

આપણા પ્રભુ અને તારનાર, ઈસુ ખ્રિસ્તના ભવ્ય નામમાં તમને શુભેચ્છાઓ!

આજકાલ, અમે અમારી મિનિસ્ટ્રીના દરેક ક્ષેત્રમાં આત્માઓની મોટી ફસલના સાક્ષી બન્યા છીએ, જ્યારે ઘણા લોકો આપણા **નહેમ્યા બાઈબલ કોલેજો, સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ અને ચર્ચોની મિનિસ્ટ્રીઓ** દ્વારા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સામનો કરી રહ્યા છે.

વેકેશન બાઈબલ સ્કૂલ ૧૭મી એપ્રિલથી ૨૧મી એપ્રિલ સુધી આપણી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** આયોજિત કરવામાં આવી હતી, જેમાં ઘણા બધા બાળકોએ ભાગ લીધો હતો. ઘણા ભાઈઓ અને બહેનો બાળકોને શીખવવા અને તેમને પ્રભુ તરફ દોરી લઈ જવા આગળ આવ્યાં હતાં. તે એક મોટો આશીર્વાદ હતો.

અમે ૫મી મેથી ૧૦મી મે દરમિયાન ચેપોક ખાતેના અમારા મુખ્ય ચર્ચમાં અને ૧૧મી મેથી ૧૭મી મે દરમિયાન બાલાજી નગર અને વેલાચેરી ખાતેના અમારા શાખા ચર્ચોમાં પણ **વેકેશન બાઈબલ સ્કૂલનું** આયોજન કરીશું.



સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ



આપણા સંથોમપૂરમ ચર્ચમાં બાળકો માટે વેકેશન બાઈબલ સ્કૂલ

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ◘ BIBLECOR - Postal Courses (3 languages) ◘ Media Ministry ◘ Online Courses ◘ Theological Correspondence Courses (2 languages) ◘ Church Planting ◘ Nehemiah Bible Colleges ◘ Gospel Printing Press ◘ Great Commission Partners ◘ St. Paul's Matriculation School ◘ Crusades ◘ Community Development

સરકારના આદેશ મુજબ અમારી સ્કૂલ જૂનના બીજા સમાહમાં ફરીથી ઊઘડશે. કૃપા કરીને આ શૈક્ષણિક મિનિસ્ટ્રી માટે પ્રાર્થના કરશો, ખાસ કરીને અમારા વિદ્યાર્થીઓ, શૈક્ષણિક કર્મચારીઓ અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે.

**અમારી નહેમ્યા બાઈબલ કોલેજો ૧લી જૂન ૨૦૨૬ના રોજ ફરી ઊઘડશે. તમિલ, અંગ્રેજી અને હિન્દીમાં પાઠો શીખવવામાં આવે છે.**

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેના, વર્ગો ૩૦મી મેના રોજ સમામ થશે, અને પદવીદાન સમારોહ ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે એમ. આર. સી. હોલમાં, બલાર કાલવી નિલાયમ, રીધરડોન રોડ, પુરસાવલ્કમ ખાતે આયોજિત કરવામાં આવશે.

કૃપા કરીને અમારા સહકાર્યકરો માટે અને મિનિસ્ટ્રીની જરૂરિયાતો માટે પ્રાર્થના કરશો. અમે તમારા પ્રતિસાદ અને સૂચનોનું હાર્દિક સ્વાગત કરીએ છીએ.

**ઈશ્વરની કૃપા તમ સર્વની સાથે હો. આમીન!**

*ઈસુ ખ્રિસ્તમાં, તમારા ભાઈ,*

**પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ,**
E.mail : sam@echoofhiscall.org

(પાન ૧થી આગળ...)

ઈશ્વરે કોઈને પણ મારું ભૂંડું કરવા મંજૂરી આપી નહિ!

આ એક એવા માણસ વિશે ગહન નિવેદન છે જેણે એક સમયે તેના ભાઈને છેતર્યો હતો, તેના પિતા સાથે ચાલાકી કરી હતી અને આશીર્વાદ પ્રામ કરવા માટે અન્ય લોકોને છેતર્યા હતા. તેમ છતાં, યાકૂબના જીવનમાં કંઈક અસાધારણ બન્યું હતું. તે એવા વ્યક્તિમાંથી બદલાણ પામ્યો હતો કે જેણે માનવીય યોજનાઓ દ્વારા આશીર્વાદ માંગ્યો હતો, તેણે હવે ખરો આશીર્વાદ પ્રામ કરવા માટે ઈશ્વરની સાથે મલ્લયુદ્ધ કર્યું હતું.

યાકૂબની વાર્તા ખરેખર ચિત્તાકર્ષક છે. તે એક એવી મુસાફરી હતી જ્યાં બીજાઓને છેતરનાર પોતે છેતરાઈ જનાર બની ગયો હતો, અને જેણે એકવાર કપટપૂર્વક કામ કર્યું હતું, તે હવે આખરે નમ્ર બન્યો હતો. યાકૂબની ભૂલો, નિષ્ફળતાઓ અને સંઘર્ષો છતાં, ઈશ્વર તેની સાથે રહ્યાં હતાં. ઈશ્વરે તેમના હેતુને પરિપૂર્ણ કરવાનું ચાલુ રાખ્યું હતું - યાકૂબની ભૂલો અને અપૂર્ણ પસંદગીઓ દ્વારા પણ.

જ્યારે આપણે ઉત્પત્તિ ૩૧ વાંચીએ છીએ, ત્યારે આપણે એક શક્તિશાળી સત્ય જોઈએ છીએઃ ઈશ્વર તેમની યોજનાને પરિપૂર્ણ કરવા માટે કોઈપણ પરિસ્થિતિનો ઉપયોગ કરી શકે છે.

જ્યારે યાકૂબ નાસી રહ્યો હતો, સંઘર્ષ કરી રહ્યો હતો અથવા ડરમાં કામ કરી રહ્યો હતો, ત્યારે પણ ઈશ્વર તેના ભાગ્યને માર્ગદર્શન, રક્ષણ અને આકાર આપી રહ્યા હતા. તેમની નજરમાંથી કશું પણ છટકી જઈ શકતું નથી.

જો આપણે યાકૂબના જીવન પર નજીકથી નજર કરીએ, તો આપણને ત્યાં એક એવો માણસ દેખાય છે જે હોંશિયાર, ચતુર અને વ્યૂહાત્મક હતો. તે જાણતો હતો કે પરિસ્થિતિઓમાં કેવી રીતે ચાલાકી કરવી. તેણે તેના ભાઈ એસાવનું જ્યેષ્ઠપણું મેળવ્યું હતું અને છેતરપિંડી દ્વારા તેના પિતાના આશીર્વાદ ચોરી લીધા હતા. યાકૂબ માનતો હતો કે તે પોતાના પ્રયત્નો દ્વારા ઈશ્વરની કૃપા મેળવી શકે છે - પણ તેને પાછળથી સમજાયું હતું કે ખરો આશીર્વાદ ફક્ત ઈશ્વર તરફથી જ મળે છે, માનવીય પ્રયત્નોથી નહિ.

તેથી ઈશ્વરે તેને શુદ્ધ કરવાનું શરૂ કર્યું હતું - નરમાશથી નહિ, પણ અગ્નિમાંના સોનાની જેમ. તેમણે યાકૂબને છેતરપિંડી, હાડમારી, ભય અને સંઘર્ષનો અનુભવ કરવાની છૂટ આપી જ્યાં સુધી યાકૂબ ભાંગી ન પડ્યો અને તે પોકાર કરી ઊઠ્યો કેઃ

**"...મને આશીર્વાદ દે, નહિ તો હું તને જવા દેવાનો નથી."** - ઉત્પત્તિ ૩૨:૨૬,



*હું તને જવા દેવાનો નથી*

આ બદલાણ એક રાતમાં થયું નહોતું. ઈશ્વર યાકૂબને લાંબી અને મુશ્કેલ મુસાફરીમાંથી લઈ ગયા હતા.તેમ છતાં, તે સર્વમાં, ઈશ્વર નિયંત્રણમાં રહ્યાં હતાં. તેમણે માણસોની યોજનાઓને યાકૂબનો વિનાશ કરવાની મંજૂરી આપી ન હતી, કારણ કે તેમની યોજના યાકૂબની ભૂલો કરતાં મોટી હતી.




## ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીઝ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીઝ કોલ પ્રામ કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
**10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India**
**Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org**

## ૧. જ્યારે લોકો કાવતરું ઘડે છે, ત્યારે ઈશ્વર તેને અટકાવે છે!

યાકૂબના જીવનમાં, આપણે એક ગહન પાઠ જોઈએ છીએ. તેના પિતા અને ભાઈને છેતર્યા પછી, યાકૂબે વિચાર્યું હતું કે તેણે પોતાનું ભવિષ્ય સુરક્ષિત કરી લીધું હતું. પણ ઈશ્વર તેને એક ઊંડું સત્ય શીખવવા માંગતા હતા: "હું આશીર્વાદનો ખરો સ્રોત છું."

આ શીખવા માટે, યાકૂબ તેના મામા લાબાન સાથે રહ્યો હતો - એક એવો માણસ જેણે યાકૂબને તેની પોતાની દવાનો સ્વાદ ચખાડ્યો હતો. શાસ્ત્ર આપણને કહે છે કે **"લાબાને .... મારું (યાકૂબનું) વેતન દશ વાર બદલી નાખ્યું હતું"** - ઉત્પત્તિ ૩૧:૭. તેણે યાકૂબને છેતરવાનો, તેની સાથે ચાલાકી વાપરવાનો અને ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો.



*મારું વેતન દશ વાર તેણે બદલી નાખ્યું છે*

ઈશ્વરે એક હેતુ માટે આની મંજૂરી આપી હતી - જેથી યાકૂબ સમજી શકે કે તેને છેતરવામાં અને માનવીય પ્રયત્નો કરતાં ઈશ્વર પર નિર્ભરતા રાખવી તે શીખવા જેવું લાગે.

તેમ છતાં, આ શુદ્ધિકરણ પ્રક્રિયા દરમિયાન પણ, ઈશ્વરે એક હદ નક્કી કરી હતી. ત્યાં એક હદ હતી જેને લાબાન ઓળંગી શક્યો નહોતો. યાકૂબે આત્મવિશ્વાસથી જાહેર કર્યું હતું:

**"ઈશ્વરે તેને મારું ભૂંડું કરવા ન દીધું."** - ઉત્પત્તિ ૩૧:૭.

આ એક શક્તિશાળી સત્ય જાહેર કરે છે: ઈશ્વરના બાળકો સામેની દરેક યોજનાની એક દૈવી મર્યાદા હોય છે.

- માણસની દરેક યોજનાને ઈશ્વર દ્વારા ઠરાવેલી નિર્ધારિત સીમા હોય છે.
- દરેક હુમલો તેમના અધિકાર દ્વારા નિયંત્રિત છે.
- તેથી જ આપણે આજ સુધી ટકી રહ્યા છીએ. પ્રભુની સ્તુતિ થાઓ!

**યશાયા ૫૪:૧૭ આપણને યાદ અપાવે છે:**

**"તારી વિરુદ્ધ...કોઈ પણ હથિયાર સાર્થક થશે નહિ."**

હથિયારો કદાચ ઘડાય શકે છે.

હુમલાઓ કદાચ થઈ શકે છે.

તમારા કુટુંબ, લગ્ન, વ્યવસાય, સેવાકાર્ય અથવા તેડાંની વિરુદ્ધ યોજનાઓ બનાવવામાં આવી શકે છે.

પણ જ્યાં સુધી આપણે ઈશ્વરની સાથે નજીકથી ચાલીએ છીએ - વિશ્વાસપૂર્વક અને આત્મીયતાથી - ત્યારે અંતે કંઈપણ આપણી સામે સફળ થશે નહિ.

જ્યારે લોકો કાવતરું ઘડે છે, ત્યારે ઈશ્વર તેને અટકાવે છે.

## ૨. ઈશ્વર જોઈ શકાતા અને અદ્રશ્ય જોખમોથી આપણું રક્ષણ કરે છે!

આપણે જોઈ શકીએ છીએ તેવા જોખમો વિશે આપણે વારંવાર સાક્ષી આપીએ છીએ, પણ આપણે અસંખ્ય અદ્રશ્ય જોખમોને ભૂલી જઈએ છીએ જેનાથી ઈશ્વર આપણું રક્ષણ કરે છે.

યાકૂબે લાબાને તેના વેતનને બદલી નાખવા વિશે વાત કરી હતી, પણ ત્યાં ઘણી છુપી ધમકીઓ પણ હતી.

તેણે કહ્યું:

**"ફાડી ખાધેલું (જંગલી પશુઓ**



*પ્રાણીઓને જંગલી પશુઓએ ફાડી ખાધા હતા*

**દ્વારા) હું તારી પાસે લાવ્યો નથી; તેનું નુકસાન હું પોતે ભોગવી લેતો."** - (ઉત્પત્તિ ૩૧:૩૯).

જો જંગલી પશુઓ ટોળા પર હુમલો કરે, તો યાકૂબ પોતે પણ જોખમમાં રહેતો હતો. ત્યાં રાત્રે ચોરો, જંગલી જાનવરો અને હુમલાઓથી જોખમો હતા - તેમ છતાં ઈશ્વરે તેને બચાવી રાખ્યો હતો, નિભાવી રાખ્યો હતો.

યાકૂબ દરેક જોખમને જાણતો ન હતો

- પણ ઈશ્વરે તે બધાને અટકાવ્યા હતા.

પ્રભુ શાંતપણે તેના જીવનની દરેક વિગતો જોઈ રહ્યા હતા.

**"સર્વ દુઃખથી યહોવા પ્રભુ તારું રક્ષણ કરશે."** - ગીતશાસ્ત્ર ૧૨૧:૭.

આપણે દરેક સમયે આપણા વહાલાઓ પર લક્ષ રાખી શકતા નથી - પણ ઈશ્વર રાખી શકે છે.

તેમણે આપણને કેટલા બધા અદ્રશ્ય જોખમોમાંથી બચાવ્યા છે?

કેટલા બધા ફાંદાઓ આપણે ક્યારેય ધ્યાનમાં પણ લીધા નથી?

તેમની દયાએ આપણને જીવતા રાખ્યા છે.

ગીતશાસ્ત્ર ૧૩૯ આપણને યાદ અપાવે છે કે ઈશ્વરથી કંઈ પણ છૂપાયેલું નથી.

જ્યારે આપણને લાગે કે આપણી પ્રાર્થનાઓના જવાબમાં કંઈ થઈ રહ્યું નથી, ત્યારે પણ ઈશ્વર પડદા પાછળ કામ કરી રહ્યા છે - તેમના સંપૂર્ણ સમયમાં (કૈરોસ સમયમાં).

જ્યારે આપણે તેમને કાર્ય પર જોઈ શકતા નથી ત્યારે પણ ઈશ્વર આપણી ઉપર નજર રાખે છે.

## ૩. ઈશ્વર માનવીય નિર્ણયોને ઉથલાવી નાખે છે!

વહાલા ઈશ્વરના બાળકો, લોકો તમારા જીવન વિશે ઘણી યોજનાઓ બનાવી શકે છે, પણ ઈશ્વર પાસે દરેક માનવીય નિર્ણયને ઉથલાવી નાખવાનું સામર્થ્ય છે.

યાકૂબના જીવનમાં, લાબાને વારંવાર શરતો બદલી નાખી હતી- પણ દરેક વખતે, ઈશ્વરે પરિણામ બદલ્યું હતું.

(આગળ પાન ૬ પર...)

GREAT COMMISSION PARTNERS

ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જૂન ૨૦૨૬ થી ૧૮ જૂલાઈ ૨૦૨૬ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**જૂન ૧૯ :** અમને સમર્પિત સહયોગી સંપાદકો સાથે આશીર્વાદિત કરવા માટે જેઓ આપણા **ઈકો ઓફ હિજ કોલ** સામયિકને ૧૬ ભાષાઓમાં - સમયસર, દર મહિને પ્રકાશિત કરવામાં અમારી મદદ કરે છે.

**જૂન ૨૦ :** આપણી નિવાસી તથા સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજો** માટે વિદ્યાર્થીઓની નોંધણી કરવાના અમારા પ્રયત્નોને આશીર્વાદિત કરવા માટે.

**જૂન ૨૧ :** ૧૯૬૯થી ચાલતી સામયિક મિનિસ્ટ્રી પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા પરના તેમના અવિરત આશીર્વાદોને માટે.

**જૂન ૨૨ :** ૧૦મી એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાયેલ **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલના** વાર્ષિક દિવસની ઉજવણી અને બાલમંદિરના પદવીદાન સમારોહ પરના આશીર્વાદને માટે.

**જૂન ૨૩ :** આપણા શુભચિંતકોની અવિરત પ્રાર્થનાઓ માટે અને ઉદાર સહાયતાને માટે.

**જૂન ૨૪ :** ૨૦૨૫-૨૦૨૬નું શૈક્ષણિક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલને** આશીર્વાદિત કરવા માટે.

**જૂન ૨૫ :** **ઈકો ઓફ હિજ કોલના** મુખ્ય ચર્ચ અને તેની શાખા ચર્ચના આગેવાનો અને વિશ્વાસીઓને આશીર્વાદિત કરવા માટે.

**જૂન ૨૬ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે આપણી સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજોને** આશીર્વાદિત કરવા માટે.

**જૂન ૨૭ :** અમારા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચો દ્વારા આયોજિત **વેકેશન બાઈબલ સ્કૂલને** આશીર્વાદિત કરવા માટે.

**જૂન ૨૮ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો, મહાન આદેશના ભાગીદારો અને વિનંતી કરનારા ભાગીદારો પરની અને તેમના કુટુંબો પરની ઈશ્વરની દયાને માટે.

**જૂન ૨૯ :** અમારા **ઈકો ઓફ હિજ કોલના** તામિલ, તેલુગુ, અંગ્રેજી અને હિન્દી ભાષામાંના અમારા યુટ્યુબ સંદેશાઓને આશીર્વાદિત કરવા માટે.

**જૂન ૩૦ :** અત્યાર સુધી મિનિસ્ટ્રીને ટકાવી રાખવા અને ચલાવવામાં અમારા તમામ પ્રયત્નોને ફળદાયી બનાવવાના આશીર્વાદને માટે.

**જૂલાઈ ૦૧:** અમારા **ઈકો ઓફ હિજ કોલના** કર્મચારીવર્ગને અને તેમના પરિવારોને આશીર્વાદિત કરવા માટે અને તેમનું રક્ષણ કરવા માટે.

**જૂલાઈ ૦૨ :** અમારા જુવાનો અને બાળકોના લાભ માટે **જુવાનો તથા બાળકોની કાળજી કરનાર વૈશ્વિક દર્શન મિનિસ્ટ્રીને** આશીર્વાદિત કરવા માટે.

**જૂલાઈ ૦૩ :** ૧૬મી મે ૨૦૨૬ના રોજ આયોજિત અમારા **નહેમ્યા બાઈબલ કોલેજના** ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ઉજવણીને આશીર્વાદિત કરવા માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**જૂલાઈ ૦૪ :** અસાધ્ય બિમારીઓ અને હતાશાથી પ્રભાવિત વિશ્વભરના લોકોના છૂટકારાને માટે.

**જૂલાઈ ૦૫ :** આ મહિના માટેની તમામ નાણાંકીય જરૂરિયાતોની જોગવાઈને માટે.

**જૂલાઈ ૦૬ :** બાળકો અને જુવાનોના છૂટકારા માટે કે જેઓ માદક દ્રવ્યના વ્યસની છે અને શાળાઓ અને કોલેજોમાં હાજરી આપવામાં અનિયમિત છે.

**જૂલાઈ ૦૭ :** વિશ્વભરમાં આયોજિત વેકેશન બાઈબલ સ્કૂલના વર્ગો દરમિયાન બચાવ પામેલા બાળકો અને જુવાનો માટે.

**જૂલાઈ ૦૮ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** નવા વિદ્યાર્થીઓના પ્રવેશને માટે.

**જૂલાઈ ૦૯ :** શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે આપણી નિવાસી તથા સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજોમાં** લાયક વિદ્યાર્થીઓના પ્રવેશને માટે.

**જૂલાઈ ૧૦ :** મિશનરીઓના દૈવી રક્ષણને માટે કે જેઓ દૂરના વિસ્તારોમાં વણખેડાયેલા જૂથો વચ્ચે સુવાર્તાનો ફેલાવો કરી રહ્યા છે તે માટે.

**જૂલાઈ ૧૧ :** માતાપિતાઓને તેમના બાળકો અને જુવાનોને ઉછેરવામાં દૈવી દોરવણીને માટે.

**જૂલાઈ ૧૨ :** **જુવાનો તથા બાળકોની કાળજી કરનાર વૈશ્વિક દર્શનમાં** નોંધણી કરવા માટે વધુ લોકો આગળ આવે તે માટે.

**જૂલાઈ ૧૩ :** ઈશ્વર **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજ માટે વધુ સમર્પિત કાર્યકરોને ઉભા કરે તે માટે.

**જૂલાઈ ૧૪ :** વિશ્વભરના ચર્ચોના તમામ સંપ્રદાયોમાં ધર્મ જાગૃતિ થાય તે માટે.

**જૂલાઈ ૧૫ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વ રાજને અને તેમના કુટુંબને ઈશ્વર અવિરતપણે સર્વ દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખે તે માટે.

**જૂલાઈ ૧૬ :** ઈશ્વર આપણને પૃથ્વી પર તેમના રાજ્યને બાંધવા માટે વધુ મોટું દર્શન આપે તે માટે.

**જૂલાઈ ૧૭ :** વિશ્વભરમાં શાંતિ સ્થપાય તે માટે.

**જૂલાઈ ૧૮ :** આપણા વડીલ પાળકની આત્મકથાની સફળતાપૂર્વક પૂર્ણતાને માટે.

(પાન ૪ થી આગળ...)

જો ઈશ્વરે તે યાકૂબ માટે કર્યું હતું, તો તેઓ તે તમારા માટે પણ કરી શકે છે.

ત્યાં તમારી વિરુદ્ધ કામ કરતી પરિસ્થિતિઓ હોઈ શકે છે:

- એક ચુકાદો
- એક નિદાન
- પરીક્ષાનું પરિણામ
- અન્ય લોકો દ્વારા લેવામાં આવેલ નિર્ણય

પણ ઈશ્વર તે બધાને ઉથલાવી શકે છે, રદ કરી શકે છે.



*આપણે તેમની હજૂરમાં આવવાની અને પ્રાર્થના કરવાની જરૂર છે*

આપણે ફક્ત તેમની હજૂરમાં આવવાની અને પ્રાર્થના કરવાની જરૂર છે:

**હે પ્રભુ, તમે મારા પિતા છો. હું તમારું બાળક છું. કૃપા કરીને મને સહાય કરો.**

જ્યારે આપણે આપણી જાતને નમ્ર બનાવીએ છીએ, આપણા પાપોની કબૂલાત કરીએ છીએ અને તેમની સહાયને માટે વિનંતી કરીએ છીએ, ત્યારે તેઓ દયા અને સામર્થ્યથી પ્રતિસાદ આપે છે.

**"જે તેઓ ઉઘાડે છે તેને કોઈ બંધ કરી શકશે નહિ અને જે તેઓ બંધ કરે છે તેને કોઈ ઉઘાડી શકતો નથી."** – પ્રકટીકરણ ૩:૭.

માનવીય સત્તા વાસ્તવિક છે – પણ ઈશ્વરનું સાર્વભૌમત્વ અંતિમ છે.

## ૪. ઈશ્વર દરેક અન્યાયને વૃદ્ધિમાં ફેરવી દે છે!

કેટલીકવાર, જ્યારે આપણે વિશ્વાસપૂર્વક જીવીએ છીએ, ત્યારે પણ જીવન અન્યાયી લાગે છે. આપણને આશ્ચર્ય થશે:



- હું ઈશ્વરનું ભય રાખું છું – શા માટે હું અન્યો જેટલો આશીર્વાદિત નથી?
- ઈશ્વરની અવગણના કરનારાઓ શા માટે સફળ થાય છે એવું લાગે છે?
- શું ત્યાં ન્યાયીપણાથી જીવવાની કોઈ કિંમત છે?

વહાલા મિત્રો, જગતમાં જે સમૃદ્ધ દેખાય છે તે ઘણીવાર કામચલાઉ, અસ્થાયી હોય છે. પણ તમે જે અન્યાયનો સામનો કરો છો – ઈશ્વર તેનો ઉપયોગ તમને મજબૂત કરવા, વધારવા અને ઉન્નત કરવા માટે કરશે.

**યાકૂબ તરફ જુઓ:**

જ્યારે લાબાને કહ્યું કે 'છાંટવાળા', ત્યારે ઈશ્વરે ટોળાંને છાંટવાળા બનાવ્યાં હતાં.



*જ્યારે લાબાને કહ્યું કે 'છાંટવાળા', ત્યારે ઈશ્વરે ટોળાંને છાંટવાળા બનાવ્યાં હતાં.*

જ્યારે તેણે 'ટપકાંવાળા' કહ્યું, ત્યારે ઈશ્વરે તેમને ટપકાંવાળા બનાવ્યાં હતાં.

લાબાન જેટલો વધુ તેના પર જુલમ કરતો હતો, તેટલો જ ઈશ્વર તેને વધારે સમૃદ્ધ કરતા હતા.

**"જેઓ ઈશ્વરના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે"** – રોમનોને પત્ર ૮:૨૮.

અન્યાય પણ ઈશ્વરના હાથોમાં સાધન બની જાય છે.

જેઓ તમારી સાથે દુર્વ્યવહાર કરે છે તેઓથી ડરશો નહીં.

જેઓ તમારી સાથે અન્યાય કરે છે તેઓથી નિરાશ ન થાઓ.

શત્રુ જેને માટે દુષ્ટતા ઈચ્છે છે, તેને ઈશ્વર આશીર્વાદમાં ફેરવી દેશે.

તેમને વળગી રહો – તેઓ દરેક અન્યાયને વૃદ્ધિમાં ફેરવી દેશે.

## ૫. જ્યારે ઈશ્વર તમને તેમાંથી લઈ જશે, ત્યારે તેઓ તમને તેમાંથી પાર લઈ જશે!

યાકૂબને તેના પિતાનું ઘર છોડીને તેનો જીવ બચાવવા માટે નાસી જવું પડ્યું હતું, ત્યારે તેની સાથે ઈશ્વરના વચન સિવાય બીજું કશું નહોતું:

(...પાન ૯ પર આગળ...)

નહેમ્યા બાઈબલ કોલેજો
ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ
ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology
માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (અર્ધ સમય માટે)
લાયકાત: ૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ
પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રાપ્ત: છેલ્લા ૫૬ વર્ષોથી આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને વડીલ પાળકો દ્વારા
સંપર્ક કરો : ચેરમેન – નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## મુખ્ય ચર્ચના કાર્યક્રમો :

| | | |
|---|---|---|
| ૧. | પ્રાર્થના ભજનસેવા: ૨૪ કલાકો | |
| ૨. | ઈકો ઓફ હીજ કોલ - | માસિક સામયિકો : અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ |
| ૩. | બાઈબલકોર | - મૂળભૂત બાઈબલ અભ્યાસક્રમ (અંગ્રેજી, તામિલ અને હિંદી) |
| ૪. | ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ | |
| ૫. | નહેમ્યા બાઈબલ કોલેજો | - (ચેપોક, સંથોષપૂરમ અને વેલાચેરી) |
| ૬. | શાખા ચર્ચો: સંથોષપુરમ, બાલાજી નગર અને વેલાચેરી | |
| ૭. | મહાન આદેશના ભાગીદારો (પાળકોનું માળખું) | |
| ૮. | તાલીમ કાર્યક્રમો - સેમિનાર અને રિટ્રીટ્સ | |
| ૯. | ક્રુસેડો | |
| ૧૦. | સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ | |
| ૧૧. | સુવાર્તા છાપખાનું | - પ્રકાશનો |
| ૧૨. | સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ | - આગ્લ અંગ્રેજી માધ્યમિક શાળા |
| ૧૩. | રવિવારની સાબ્બાથશાળાઓ (ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપૂરમ) | - રવિવારે સવારે ૧૦.૩૦ અને સાંજે ૩.૦૦ વાગે. |
| ૧૪. | **વહેલી સવારની ભજનસેવા** | **- રવિવારે સવારે ૫.૩૦ વાગે** |
| ૧૫. | **પ્રારંભિક ભજનસેવા** | **- રવિવારે સવારે ૮.૦૦ વાગે** |
| ૧૬. | **તામિલ ભજનસેવા** | **- રવિવારે સવારે ૮.૩૦ વાગે** |
| ૧૭. | **જુવાનોની સભા** | **- રવિવારે બપોરે ૧૧.૦૦ વાગે** |
| ૧૮. | **સહભાગીતા ભોજન** | **- રવિવારે બપોરે ૧ વાગે** |
| ૧૯. | **તેલગુ ભજનસેવા** | **- રવિવારે સાંજે ૫.૦૦ વાગે** |
| ૨૦. | **હિન્દી ભજનસેવા** | **- રવિવારે સાંજે ૬.૦૦ વાગે** |
| ૨૧. | **તામિલ અને અંગ્રેજી ભજનસેવા** | **- રવિવારે સાંજે ૬.૦૦ વાગે** |
| ૨૨. | પ્રતિભાવ સમય | - સાંજે ૭.૩૦ વાગ્યે રવિવાર |
| ૨૩. | મહિલાઓની પ્રાર્થનાસભા | - બુધવારે સાંજે ૫.૩૦ વાગે |
| ૨૪. | પુરૂષોની પ્રાર્થનાસભા | - શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે |
| ૨૫. | અનુશાસનતા બેઠકો | - શનિવારે સાંજે ૬.૦૦ વાગે |
| ૨૬. | ગૃહ બેઠકસભાઓ | - મંગળવારે અને ગુરુવારે સાંજે ૬.૩૦ વાગે |
| ૨૭. | ખાસ પવિત્ર પ્રભુભોજન સંગત | - દરેક મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે |
| ૨૮. | સેવકોની બેઠકસભા | - પ્રથમ શનિવારે સાંજે ૬.૦૦ વાગે |
| ૨૯. | માતાપિતાઓની પ્રાર્થનાસભા | - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે |
| ૩૦. | રાત્રી પ્રાર્થનાસભા | - ત્રીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે |
| ૩૧. | ઉપવાસ સાથેની પ્રાર્થનાસભા | - બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે |
| ૩૨. | પવિત્ર સહભાગીતા | - બીજા રવિવારની ભજનસેવામાં |
| ૩૩. | જુવાનો/બાળકો માટે પ્રાર્થના | - દરરોજ સાંજે ૧૦.૦૦ વાગે (ફોન દ્વારા) |
| ૩૪. | કર્મચારીઓની ભક્તિસભા | - દરરોજ સવારે ૯.૦૦ વાગે |
| ૩૫. | કાર્યાલય | - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ વાગે સુધી (રવિવારો સિવાય) |

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પુષ્ઠો, હિન્દીમાં-૭૬ પુષ્ઠો અને તામિલમાં-૯૬ પુષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શુલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પુષ્ઠો અને તામિલમાં-૬૫૨ પુષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, **Post Box 2957**
CHEPAUK, CHENNAI - 600 005.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,**
**Cell : 98410 71852, 95661 31858**
**E.mail : biblecor@yahoo.co.in**

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | |
|---|---|
| **Account Name** | : **ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | : **1023 2923 805** |
| **Bank Name** | : **STATE BANK OF INDIA** |
| **Branch** | : **TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | : **SBIN 0000249** |
| **SWIFT Code** | : **SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

### "હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર જીવે છે" (અયૂબ ૧૯:૨૫)

મારી મિનિસ્ટ્રીના, સેવાકાર્યના શરૂઆતના દિવસોમાં ઈશ્વરે ઘણી કસોટીઓ અને મુશ્કેલીઓને મંજૂરી આપી હતી. મારી આર્થિક જરૂરિયાતોને કારણે હું ખૂબ જ દબાણ હેઠળ હતો. કેમ કે મારી મિનિસ્ટ્રીની શરૂઆત કરવા માટે મારી પાસે કાયમી મકાન હોવાનો કોઈ અવકાશ ન હોવાથી, મારે એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું પડતું હતું અને વારંવાર મારું રહેઠાણ અને કાર્યાલય બદલવા પડતા હતા.



હું ૧૯૮૦માં ઘણો માંદો પડ્યો હતો. હું ઘણા દિવસોથી મારા આખા શરીરમાં તાવ અને પીડાથી પીડાતો હતો, ખાસ કરીને મારી ગરદનમાં તીવ્ર દુખાવો હતો. હું જ્યાં સેવાકાર્ય કરતો હતો તે જગ્યા ખ્રિસ્તી વિસ્તાર ન હતો. મારી આસપાસના લોકો તરફથી મને કોઈ મદદ મળી ન હતી અને મને અજાણી વ્યક્તિ માનવામાં આવતી હતી. કેમ કે મારી માંદગી અને એકલતાના કારણે મેં ઘણી જ વેદના સહન કરી હોવાથી, મેં મારા એક મિત્રને મારી સાથે એક રાત રહેવા વિનંતી કરી હતી. જોકે તેને અગાઉ મારી પાસેથી ઘણી મદદ મળી હતી, પણ તેણે મારી સાથે રહેવાની ના પાડી હતી. તે રાત્રે મેં ઘણી વેદના સહન કરી હતી.

બીજા દિવસે સવારે કેટલાક લોકો આવ્યા અને મને સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યો અને મને એકલો છોડી દીધો. હું હજુ પણ એ માંદગીથી પીડાતો હતો. ઘણા દિવસો પછી ડોક્ટરોએ મારા પર શસ્ત્રક્રિયા કરવાનું નક્કી કર્યું અને બધી વ્યવસ્થા કરી હતી. મારી પરિસ્થિતિઓને કારણે હું શસ્ત્રક્રિયા કરાવવા માંગતો ન હતો અને તેથી મેં પ્રાર્થના કરવાનું શરૂ કર્યું. હું ઈશ્વરને કહી રહ્યો હતો કે કેવી રીતે મારી પાસે દુન્યવી સુખ-સુવિધાઓના માર્ગો હોવા છતાં સેવાકાર્ય માટે હું ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યો હતો. **જ્યારે મેં તેમને મારા માર્ગો સમજાવ્યા ત્યારે પ્રભુએ મારી વાત સાંભળી હતી.** (ગીતશાસ્ત્ર ૧૧૯:૨૬).



એક રાત્રે, હું પ્રાર્થના કરી રહ્યો હતો ત્યારે મને ઈશ્વરના સ્પર્શનો અનુભવ થયો. હું મારા શરીરમાં માંદગીમાંથી છૂટકારો અનુભવી શકતો હતો. મેં તેના પર સંપૂર્ણ વિશ્વાસ કર્યો અને મારા અનુભવની જાણ સંબંધિત ડોક્ટરને કરી હતી. તેઓ ભલા હતા અને તેમણે મને કહ્યું, "હું જાણું છું, ઘણા ખ્રિસ્તીઓ છે જેઓ એવું કહીને સારવાર લેવાનો નકાર કરે છે કે ઈસુ ખ્રિસ્તે તેમને સાજા કર્યા છે. તમે પણ એવું જ કહો છો." તેમણે મને કોઈ પણ પ્રકારની શસ્ત્રક્રિયા કે દવાનો આગ્રહ રાખ્યા વિના જવા દીધો હતો. જેમ મેં ઈશ્વરે પર વિશ્વાસ રાખ્યો હતો તેમ તેમણે કર્યું હતું.



ઈશ્વરે મને સંપૂર્ણ સાજો કર્યો હતો. લગભગ ૪૬ વર્ષો વીતી ગયાં છે. તે માંદગીએ મને ક્યારેય સ્પર્શ્યો નહોતો. જો કે મારે અસમાન અને ઉબડખાબડ રસ્તાઓ પર વાહનો ચલાવવા પડે છે, તેમ છતાં પણ મને તે પીઠનો દુખાવો કે ગરદનમાં દુખાવો થતો નથી. હું દિવસમાં લગભગ ૨૦ કલાક કામ કરું છું, કાં તો હું કાર્યાલયમાં હોઉં છું અથવા ક્યાંક ઉપદેશ આપતો હોઉં છું. સામાન્ય રીતે હું થાકતો નથી, ઈશ્વરે માત્ર મને સાજો જ કર્યો નથી પણ મને વિવિધ રીતોએ આશીર્વાદિત પણ કર્યો છે. ત્યાં એક જ મિત્ર હતો જેણે મને છોડી દીધો હતો. પણ આજે ઈશ્વરે મને આખી દુનિયામાં મિત્રો આપ્યા છે અને મને અને મારી મિનિસ્ટ્રીને, સેવાકાર્યને આશીર્વાદ આપ્યા છે.



વહાલા મિત્રો, આપણા પ્રભુ ઈસુ ખૂબ જ અનન્ય છે અને દરેક બાબતમાં અને દરેક બાબતથી ઉપર છે. જો આપણે તેમને આપણા ખરા મિત્ર અને ઈશ્વર માનીએ છીએ, તો આ અંધકારમય દુનિયામાં તેઓ આપણને યોગ્ય સમયે સાચા રસ્તે દોરશે. જો તમે તેમને તમારા અંગત જીવનમાં તમારા પ્રભુ તથા તારનાર તરીકે સ્વીકાર્યા નથી, તો હવે તેમને સ્વીકારો, અને તેમની સેવા કરવાની શરૂઆત કરો. તેઓ ચોક્કસ તમને સલામત માર્ગે દોરી લઈ જશે. તેઓ મને દરરોજ દોરી રહ્યા છે અને મને ખાતરી છે કે તેઓ તમને પણ દોરી લઈ જશે.

**"હું તો અરણ્યમાં માર્ગ તથા ઉજ્જડ પ્રદેશમાં નદીઓ કરી આપીશ."** (યશાયા ૪૩:૧૯).

*******

(પાન ૬ થી આગળ...)



"હું યહોવા તારો ઈશ્વર છું; જે ભૂમિ પર તું સૂતો છે તે હું તને તથા તારા સંતાનને આપીશ."

**"હું યહોવા તારો ઈશ્વર છું; જે ભૂમિ પર તું સૂતો છે તે હું તને તથા તારા સંતાનને આપીશ."** - ઉત્પત્તિ ૨૮:૧૩

તેણે ખાલી હાથે, ભયભીત અને તેના ભવિષ્ય વિશે અનિશ્ચિતતા સાથે પોતાનું ઘર છોડ્યું હતું.

શરૂઆતમાં, લાબાનના ઘરમાં જીવન અનુકૂળ લાગ્યું હતું. પણ સમય જતાં, તે શત્રુતામાં ફેરવાઈ ગયું હતું. લાબાન અને તેના દીકરાઓની ઈર્ષ્યા વધતી ગઈ હતી અને તેઓનું વલણ બદલાઈ ગયું હતું.

**"યાકૂબે લાબાનનું મોં જોયું...તો, જુઓ, તેની નજર પહેલાંના જેવી તેના પર નહોતી."** - ઉત્પત્તિ ૩૧:૨, ૫.

યાકૂબે મુશ્કેલીઓનો સામનો કર્યો હોવા છતાં, ઈશ્વર તેની સાથે હતા.

જ્યારે સમય આવ્યો, ત્યારે ઈશ્વરે કહ્યું કે, 'પાછો જા'.

લાબાને યાકૂબને ખાલી હાથે મોકલવાનો ઈરાદો કર્યો ત્યારે પણ ઈશ્વરે મધ્યસ્થી કરી હતી.

યાકૂબે સાક્ષી આપી હતી:

**"જો મારા બાપનો ઈશ્વર...મારી સાથે ન હોત, તો ખચીત આ વખતે તું મને ખાલી હાથે વિદાય કરત."** - ઉત્પત્તિ ૩૧:૪૨.

પણ ઈશ્વરે તે માટે મંજૂરી આપી નહોતી. તેમણે બધું પુનઃસ્થાપિત કર્યું હતું અને તેમનું વચન પરિપૂર્ણ કર્યું હતું.

ઈશ્વર તેમના સમયમાં દરેક બાબતને સુંદર બનાવે છે.

***જો તમે રાહ જોઈ રહ્યા છો:***

- બઢતીને માટે
- પ્રગતિને માટે
- સફળતાને માટે

ઈશ્વર તમને યાદ કરાવે છે:

જ્યારે ઈશ્વર કહે છે, 'આ સમય છે', ત્યારે કોઈ તમને રોકી શકશે નહિ.

નીડર થાઓ.

મજબૂત બનો.

યોગ્ય સમયે, ઈશ્વર આગળનો, બીજો દરવાજો ઉઘાડશે.

વહાલા મિત્રો, લોકો આપણી સામે કાવતરું રચી શકે છે, અને શત્રુ આપણી સામે ફાંદો ગોઠવી શકે છે - પણ ઈશ્વર તેમને ક્યારેય આપણો નાશ કરવા દેશે નહિ.

આપણે તેમના વચનોની ખાતરીને નિશ્ચિતપણે પકડી રાખવી જોઈએ:

**"તારા જે શત્રુઓ તારી સામે ચઢી આવે તેઓને યહોવા તારી આગળ માર ખવડાવશે."** પુનર્નિયમ ૨૮:૭.

ભલે આપણે ગમે તે બાબતનો સામનો કરીએ, ઈશ્વર આપણી સાથે ઉભા રહે છે. તેમનું વચન આપણને યાદ અપાવે છે:

**"ન્યાયી માણસને માથે ઘણાં દુઃખ આવે છે; પણ યહોવા તે સર્વમાંથી તેને છોડાવે છે."** - ગીતશાસ્ત્ર ૩૪:૧૯

**"તે મને અરજ કરશે, એટલે હું તેને ઉત્તર દઈશ; હું સંકટસમયે તેની સાથે થઈશ; હું તેને છોડાવીને માન આપીશ."** - ગીતશાસ્ત્ર ૯૧:૧૫.

ઈશ્વર દૂર નથી - તેઓ આપણી સાથે છે. જ્યાં સુધી તેઓ આપણને પાર કરી ન દે ત્યાં સુધી તેઓ દરેક પરીક્ષણમાં આપણી સાથે રહે છે.

તેઓ તમને છોડી દેશે નહિ.

તેઓ તમને નિષ્ફળ નહિ કરે.

તેમણે તમારા માટે જે પ્રારબ્ધ તૈયાર કર્યું છે તેનો નાશ કરવા માટે તેઓ કશાને પણ મંજૂરી આપશે નહિ.

તેમના વચનની ખાતરીને પકડી રાખોઃ

**ઈબ્રામ, તું બી મા; હું તારી ઢાલ તથા તારું મહા મોટું પ્રતિદાન છું.** - ઉત્પત્તિ ૧૫:૧

(ત્યાં તમારું પોતાનું નામ મૂકો - તેમનું વચન વ્યક્તિગત છે)

આ મહિનો તમારા માટે આશીર્વાદિત થાઓ!

*******

**નોટિસ**

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) - સંપાદક


**નહેમ્યા બાઇબલ કોલેજ**

ઈકો ઓફ હીજ કોલની સંસ્થા

(નિવાસી - હિન્દી અને સાંધ્ય - તામિલ)

**૨૬મા પદવીદાન સમારોહની ભજનસેવા**

૪થી જુલાઈ, ૨૦૨૬ના રોજ, શનિવાર, સાંજે ૫:૦૦ વાગે



ખાસ મહેમાનઃ
રેવ. ડો. એસ.જે. કિંગ્સલી,
(સીઈઓ, જીસસ કોલ્સ)

**at Skidmore Hall,**
**Balar Kalvi Nilayam Hall, M.R.C. Centre,**
૫/૬, રીથેર્ડન રોડ, વેપેરી, ચેન્નાઈ - ૬૦૦ ૦૦૭.

- શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ પ્રવેશ શરૂ થયા છે!
- કૃપા કરીને લાયક વિદ્યાર્થીઓની ભલામણ કરશો!!
- નિવાસી પુરૂષ હિન્દી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે!!!
- શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેના વર્ગો ૦૧.૦૬.૨૦૨૬થી શરૂ થશે!!!!

**પ્રાર્થના કરશો તથા ભાગ લેશો!**

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

## OUR QR CODE:

ECHO OF HIS CALL

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th JUNE 2026

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**